**નવસારી કૃષિ યુનિવર્સિટીનો દસમો પદવીદાન સમારંભ સફળતા પૂર્વક આયોજિત થયેલ જેના અનુસંધાને તા.૧૭/૧/૨૦૧૫ ના રોજ વિવિધ કમિટિઓના કન્વીનરશ્રીઓ તેમજ તમામ સભ્યોના આભારવિધિ માટે એકઝામિનેશન હોલ ખાતે થયેલ બેઠકની કાર્યવાહી નોંધ :-**

આ બેઠકમાં માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને અન્વયે યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તેમજ વિવિધ કમિટિઓના કન્વીનરશ્રીઓ તેમજ સભ્યશ્રીઓ હાજર રહેલ જેમાં નીચે મુજબ ની ચર્ચા વિચારણા થઈ.

કુલ સચિવશ્રીએ હાજર રહેલ સર્વેને આવકારી દસમા પદવીદાન સમારંભના સફળ આયોજન બદલ દરેક કમિટિના કન્વીનરશ્રીઓ અને તમામ સભ્યશ્રીઓને અભિનંદન આપી આવકાર્યા.

દસમા વાર્ષિક પદવીદાન સમારંભ બાબતે વિસ્તૃત ચર્ચા દરમ્યાન વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ જણાવેલ કે ઓડીટોરીયમની બેઠક ક્ષમતા ૫૫૦ જેટલી હોવાથી યુવિર્સિટીના મદદનીશ પ્રધ્યાપકશ્રીઓને પદવીદાન સમારંભ માટે આંમત્રિંત કરવામા આવેલ ન હતા.જો કે તેઓને ભોજન સમારંભમાં હાજર રહેવા આમંત્રણ આપેલ હતું. આથી તમામ મદદનીશ પ્રાધ્યાપકોને પદવીદાન સમારંભમાં આમંત્રિત કરી શકાય તે હેતુથી ભવિષ્યમાં આ કાર્યક્રમ ખુલ્લા મેદાનમાં શામીયાણો તૈયાર કરી અને આયોજિત કરવો જોઈએ તેવું સુચન કરેલ હતું.

કુલસચિવશ્રીએ જણાવેલ કે દસમા પદવીદાન સમારંભ બાદ VVIP ઓના ભોજન માટે કુલ-૯ વ્યકિતઓની વ્યવસ્થા ગેસ્ટ હાઉસ ખાતે કરવામાં આવેલ પરંતુ તે દરમ્યાન VVIP ની ભોજન વ્યવસ્થા સાથે જ અન્ય કેટલાક મહાનુભવો સામેલ થતાં અવ્યવસ્થા થવા પામેલ તેમજ VVIP મહેમાનો ને ભોજન દરમિયાન અસુવિધાની લાગણીનો અનુભવ થયેલ આથી ભવિષ્યમાં VVIP ભોજન વ્યવસ્થા ચુસ્તપણે પ્રોટોકોલ પ્રમાણે અલગ ગોઠવવાની જરૂરિયાત છે. આથી જરૂર જણાય તો પદવીદાન સમારંભના આયોજન માટે બનાવવામાં આવેલ ભોજન કમિટીને જ આ વ્યવસ્થા સોંપવી તેવું સુચન કરવામાં આવ્યું.

દસમા વાર્ષિક પદવીદાન સભારંમ દરમ્યાન ચાલુ ક્રાર્યક્રમે કેટલાક વિધાર્થીઓ બહાર જતા તેમજ અંદર આવતા માલૂમ પડેલ છે. કુલસચિવશ્રીએ જણાવ્યુ કે માનનીય ગર્વનરશ્રીનો પ્રોગ્રામ હોય કે યુનિવર્સિટી ધ્વારા અન્ય કાર્યક્રમ હોય ત્યારે ચાલુ કાર્યક્રમે વિધાર્થીઓની અવર-જવર થવી જોઈએ નહી. આથી ઓડિટોરિયમની બેઠક વ્યવસ્થા તેમજ સ્ટુડન્ટ વોલીએન્ટર કમિટિના સભ્યોને આ બાબતની ગંભીર નોંધ લેવા માં આવી.દરેક કોલેજના આચાર્યશ્રીએ કોલેજના સિનિયર પ્રાધ્યાપકશ્રીઓને આ જવાબદારી સોંપવી.

ર્ડા.આર.ડી.પંડયા, પ્રાધ્યાપક, વિસ્તરણ શિક્ષણે જણાવેલ કે પ્રોગ્રામ પ્રોસજર બુકલેટમાં ડીગ્રી એનાયત કરવા માટે નોમેનેકલ્ચેરમાં જે ફેરફાર થયેલ તે મુજબ હોવો જોઈએ.જે સુચન માન્ય રાખવામાં આવ્યુ.

ર્ડા.એચ.આર.પંડયા, નિયામક,વિદ્યાર્થી કલ્યાણે જણાવેલ કે મેડલ બનાવવાની કામગીરી સમયસર પુરી કરવા પુરતી તકેદારી રાખવાની જરૂરીયાત પર ભાર મુકેલ જે મુજબ કોન્વોકેશનની તારીખ નકકી થતાની સાથે જ કામગીરી શરૂ કરી દેવાની રહેશે.

શ્રી વી.પી.વેજપરા કાર્યક્રમ વ્યવસ્થાપકે જણાવેલ કે કોન્વોકેશન દરમ્યાન વિદ્યાર્થીઓના વાલીઓને આમત્રંણ આપવામાં આવે છે. જેને લીધે તમામને રહેવાની સુવિધા આપવામાં મુશ્કેલી પડે છે. જેથી વિદ્યાર્થી સાથે વધુમાં વધુ બે જ વ્યકિતને સગવડ પુરી પાડવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવવુ અને તે મુજબ અમલ કરવો.

માનનીય કુલપ્રતિશ્રીએ હાજર રહેલ તમામ કમિટિના કન્વીનરશ્રીઓ તેમજ સભ્યશ્રીઓનો આભાર માન્યો અને અભિનંદન આપ્યા અને થયેલ સૂચનો બાબતે જે તે જવાબદાર કમિટિને તે બાબતે નોંધ લઈને ભવિષ્યના આયોજનમા તેવા યોગ્ય ફેરફાર કરવા જણાવ્યું.

અંતમાં શ્રી એ. એમ. પટેલ મદદનીશ કુલસચિવ (એકેડેમીક) એ હાજર રહેલ તમામ અધિકારી / કર્મચારીશ્રીઓનો આભાર માનીને આજની આ બેઠક પુર્ણ થયેલ જાહેર કરી.

ઈ/ચા. **કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/રજી/પરીક્ષા/કોન્વો-૧૦/ ૩૪૮ /૨૦૧૫
તા.૩૦/ ૧ /૨૦૧૫